# આપણું યુજીવીસીએલ

અંક-૫, ડિસેમ્બર ૨૦૧૦

# વીજબચત માટે જાગૃતિ કાર્યક્રમ

વીજબચત અંગે જાગૃતિ રેલી અને કાર્યક્રમોનું સફળતાપૂર્વક સમાપન

ઈન્ટર સર્કલ વોલીબોલ ટુર્નામેન્ટમાં પાલનપુરની ટીમ ચેમ્પિયન

તમારા શબ્દકોશમાંથી 'અશક્ય' શબ્દ ડીલીટ કરી નાખજો

વર્ષ-૧ અંક-૫, ડિસેમ્બર ૨૦૧૦
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી એ. કે. વર્મા, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રી પી. જે. પટેલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી આર. જી. એન્જિનિયર, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી ડી. એમ. તિવારી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક
શ્રી ડી. સી. પરમાર, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી એસ. આર. પટેલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રીમતિ છાયાબેન દેસાઈ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી ડી. એસ. પટેલ, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ,
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૦૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
હિમાંશુ કીકાણી, www.aalekhan.com

# આ અંકમાં

સંદેશ ........ ૦૩
સાક્ષાત્કાર ........ ૦૪
ઉદ્યોગોમાં ઊર્જા બચત કેવી રીતે કરી શકાય ........ ૦૪
ગુણોત્સવ ........ ૦૬
ગુણોત્સવમાં યુજીવીસીએલનું યોગદાન ........ ૦૬
વીજબચત અંગે જાગૃતિ રેલી અને કાર્યક્રમોનું સફળતાપૂર્વક સમાપન ........ ૦૭
ઘરમાં વીજબચત કરવાની કેટલીક રીતો ........ ૧૦
રમતગમત ........ ૧૧
ચેસના વિશ્વવિક્રમમાં પણ યુજીવીસીએલનો ડંકો ........ ૧૧
ઇન્ટર સર્કલ વોલીબોલ ટુર્નામેન્ટમાં પાલનપુરની ટીમ ચેમ્પિયન ........ ૧૨
આપના પ્રતિભાવ ........ ૧૪
પાવર ન્યૂઝ ........ ૧૫
મધ્યપ્રદેશમાં સરકારી ઓફિસોમાં એનર્જી ઓડિટ ફરજિયાત ........ ૧૫
કાર્યક્ષમ અને બિનખર્ચાળ પ્લાસ્ટિક સોલર સેલ હવે જલદી મળશે ........ ૧૫
ઊર્જામાં દક્ષતા લાવવા ભારતીય સરકાર તરફથી વ્હાઇટ સર્ટિફિકેટની યોજના ........ ૧૫
પાવર પ્રેરણા ........ ૧૬
તમારા શબ્દકોશમાંથી 'અશક્ય' શબ્દ ડીલીટ કરી નાખજો ........ ૧૬
આશાવાદી થાવ અને બ્લડ સુગર ઘટાડો ........ ૧૭
પાવર કિડ્ઝ ........ ૧૮
વિવિધ પ્રકારની એનર્જી વિશે ........ ૧૮
પાવર ક્વિઝ ........ ૧૯
ઇલેક્ટ્રિસિટી ક્વિઝ ........ ૧૯

**કર્તવ્યનિષ્ઠા, કર્મઠતા અને કાર્યશૈલીથી સતત સમર્પિત રહેનારા લોકો હંમેશાં પ્રગતિના પથ પર જતાં હોય છે. કર્મચારીઓની પ્રગતિ અને ગ્રાહકોના સંતોષથી જ કંપનીની પ્રગતિ સંભવ થઇ શકે છે.**

પ્રિય મિત્રો,

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડને એવોર્ડ મળે છે તેની પાછળ યુજીવીસીએલના બધા સ્ટાફનો સહકાર હંમેશાં હોય જ છે. તે સાથે યુજીવીસીએલ કંપની સમાજ સાથે પણ એટલું જ જોડાયેલી છે. દરેક વર્ગના, દરેક ક્ષેત્રના અને દરેક કાર્ય કરતા લોકોને વિશ્વસનીય રીતે વીજળી પહોંચાડવાની આપણા સૌની ફરજ છે, તેમ સમાજનું સર્વાંગી ઉત્થાન એ પણ આપણું સામાજિક ઉત્તરદાયીત્વ છે.

મને એ વાતનો આનંદ છે કે જ્યારે પણ આ ઉત્તરદાયીત્વ નિભાવવાની વાત આવે છે ત્યારે કંપનીના દરેક કર્મચારી તેમાં ઉત્સાહભેર ભાગીદાર બને છે. જેનું તાજું ઉદાહરણ છે, હાલમાં જ આપણે સૌએ સાથે મળીને કરેલી વીજબચત સમાહની ઉજવણી. આ ઉજવણી દરમિયાન રેલી, વક્તૃત્વ સ્પર્ધા અને અનેક અન્ય કાર્યક્રમો થયા હતા. આ સમયે કંપનીના સ્ટાફ ઉપરાંત અનેક શાળાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આમ પરસ્પર સમજીને કાર્ય કરવાથી જ સમાજ અને રાષ્ટ્રનું ઉત્થાન થઇ શકે છે.

આ પ્રકારની ઉજવણીનું ખાસ મહત્ત્વ એટલા માટે છે કે વીજળી એક અત્યંત કિંમતી સંસાધન છે, જે સીમિત કુદરતી સંસાધનોમાંથી પેદા થાય છે. તેના કાળજીપૂર્વકના ઉપયોગ અંગે સમાજમાં જાગૃતિ ઊભી કરવી અત્યંત આવશ્યક છે.

આ સાથે દરેક વ્યક્તિને હું વિનંતી કરું છું કે વીજબચત માટે સૌ પોતપોતાના ભાગે બની શકે તેટલા પ્રયત્નો કરતા રહે અને આવનારી પેઢીને પ્રકાશમય બનાવે તે જ અપેક્ષા સહ,

આભાર,

**એ. કે. વર્મા,** આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# ઉદ્યોગોમાં ઊર્જા બચત કેવી રીતે કરી શકાય

૧૪મી ડિસેમ્બરથી ૨૧મી ડિસેમ્બર દરમિયાન ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની વીજ કંપનીનીઓમાં વીજ બચત સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. તેના અનુસંધાને, ૧૪મી ડિસેમ્બરના રોજ આકાશવાણી અમદાવાદ કેન્દ્ર ખાતે ઉદ્યોગોમાં ઊર્જા બચત કેવી રીતે કરી શકાય? તે અંગે યુજીવીસીએલના વિશેષ મુખ્ય ઈજનેર શ્રી એ. સી. પટેલ દ્વારા રસપ્રદ ઈન્ટરવ્યૂ આપવામાં આવ્યો હતો જે અક્ષરશઃ રજુ કરવામાં આવ્યો છેઃ

**આકાશવાણી :** પટેલ સાહેબ, અત્યારના સંજોગોમાં ઊર્જાની જરૂર, ઉપયોગ અને તેના મહત્ત્વ વિશે વાત કરશો?

**એ. સી. પટેલ :** આજના સંજોગોમાં ઊર્જા બચતની સૌથી વધુ જરૂરિયાત છે. કારણ કે માનવજીવનની રોજીરોટી માટે, સુખાકારી તથા સગવડ માટે વીજ પુરવઠા સિવાય આપણી પાસે કોઈ ઉપાય નથી, વધુમાં ગુણવત્તાસભર વીજ પૂરવઠો પૂરો પાડવા માટે પણ વીજ બચત કરીને આપણે વીજળી સરપ્લસ કરવાની જરૂર છે. તથા વીજ ઉત્પાદન માટે જરૂરી પાવર સ્ટેશન ઊભાં કરવા માટે ખૂબ જ નાણાની જરૂરિયાત હોય છે. પાંચ કરોડ રૂપિયાથી ૧ મેગાવોટ કેપેસિટી વધારી શકાય છે. જ્યારે વીજ બચત કરવાથી ૧ મેગાવોટ કેપેસિટી વધારવા માટે માત્ર ૧ કરોડ રૂપિયા જ ખર્ચ થાય છે. આ રીતે ૧૦૦૦ મોગા વોટનું

**આવતાં ૫૦ વર્ષોમાં વાપરવા લાયક બળતણ ખલાસ થઈ જશે ત્યારે આપણે બીજા ઉપાયો શોધવા જવું પડશે તે માટે પણ બચાવવી જરૂરી છે**

એક પાવર સ્ટેશન ઊભું કરવા માટે ૫૦ અબજ રૂપિયાની જરૂર પડતી હોય છે જે ખૂબ જ મોઘું હોય છે. એ સંજોગોમાં આપણે કોઈ પણ જગ્યાએ વીજ બચત કરવી જરૂરી છે. એથી વધુ વીજ ઉત્પાદન માટે જરૂરી બળતણ કોલસો, ગેસ, ઓઈલ વગેરેની મર્યાદિત ઉપલબ્ધિ છે. આવતાં ૫૦ વર્ષોમાં વાપરવા લાયક બળતણ પૂરું થઈ જશે ખલાસ થઈ જશે ત્યારે આપણે બીજા ઉપાયો શોધવા જવું પડશે તે માટે પણ બચાવવી જરૂરી છે.

તે ઉપરાંત આજકાલ ગ્લોબલ વોર્મિંગ એક મહત્ત્વનો વિષય છે. કાર્બન ડાયોક્સાઈડ, મિથેન વગેરે ગ્રીન હાઉસ ગેસ જે પેદા થાય છે થર્મલ વીજ ઉત્પાદનમાં તેના કારણે પવનોનો કુદરતી ક્રમ બદલાય છે તેના કારણે અનિયમિત રીતે વધુ ઓછો વરસાદ થાય છે જે જીવ સૃષ્ટિને વિપરીત અસર કરે છે. વત્તા પર્યાવરણ પ્રદૂષિત થવાથી માનવનું જીવવું દુષ્કર થતું જાય છે. આ બધી વસ્તુઓ જોતાં ઊર્જા બચત કરીને આપણે જેટલું પણ ઓછું થર્મલ જનરેશન કરવું પડે એ જરૂરી છે.

**આકાશવાણી :** હવે આપણે ઉદ્યોગોની વાત કરીએ તો ઉદ્યોગોમાં ઊર્જા બચતની જરૂરિયાત કેવી છે? અને એ બચત કેવી રીતે કરી શકાય?

**એ. સી. પટેલ :** એ સિવાય હું બીજી વાત પણ કરી લઉં, આપણી કેન્દ્ર સરકારની નેશનલ પાવર પોલિસી હોય છે. એ પાવર પોલિસી પ્રમાણે ૨૦૧૨ સુધીમાં સુધીમાં દરેક ઉદ્યોગ, દરેક ગામ, દરેક ઘરને વીજળી પૂરી પાડવાની છે એટલે ખૂબ જ વીજળી ઉત્પાદન કરવાની છે એવા સંજોગોમાં આપણે જેટલી વીજળી બચત કરીએ અત્યારે આપણી પાસે એક તૃતીયાંશ વીજળી બચત કરવાની કાર્યક્ષમતા છે. આપણી પાસે એટલી શક્યતાઓ છે. બધા ગરીબ કુટુંબને દરરોજ એક યુનિટ વીજળી અડધા ભાવે આપવાની છે. જેથી સમાજનો સમતોલ વિકાસ થાય અને દેશ પ્રગતિ કરે. તેમ જ સરકારનો નેશનલ પોલિસી પ્રમાણે એક ટારગેટ છે કે અત્યારે જે વીજવપરાશ ૬૨૦ યુનિટ છે તેને વધારીને ૧૦૦૦ યુનિટ કરવો. જેમ કે આપણે ગુજરાતમાં સારી વ્યવસ્થા કરીને ગુજરાતનો માથાદીઠ વીજ વપરાશ ૧૪૨૦ યુનિટ છે. તેના માટે ૧૦૦૦ મેગાવોટ આવતાં ત્રણ વર્ષમાં વધારાનો વીજ વપરાશ કરવાનો રહેશે. આ સંજોગોમાં સૌથી વધુ વીજ વપરાશ કરવા વાળો ભાગ ઉદ્યોગો છે. કુલ વીજ વપરાશના ૫૦ ટકા વીજ વપરાશ ઉદ્યોગોમાં થાય છે. વત્તા ત્યાં જ મશીનરી છે જે પ્રોસેસ છે

તેમાં પૂરી રીતે, કાર્યક્ષમ રીતે વીજળીનો ઉપયોગ થતો નથી. માહિતીના અભાવે તે ઉપરાંત ઉદ્યોગોમાં ઉત્પાદનની હરિફાઈને ગણ્યા પછી અભિગમને લીધે પૂરતું વળતર મળતું નથી. જે સંજોગોમાં ઉદ્યોગોમાં કાર્યક્ષમ વીજ વપરાશ નથી, ૧૦થી ૨૦ ટકા વીજ વપરાશ ઘટાડી શકાય છે. અને ગુજરાત જેવા રાજ્યમાં કોલસો ઘણે દૂરથી લાવવો પડતો હોવાથી વીજળી મોંઘી છે આ સંજોગોમાં ઉદ્યોગોનો મુખ્ય ખર્ચ આખી ઔદ્યોગિક પ્રોસેસમાં તે વીજળી છે. જો તેનું વીજબિલ ઘટાડી શકીએ તો જ ઉદ્યોગો ટકે તેમ છે. એ સંજોગોમાં આપણે ઉદ્યોગોમાં ઊર્જા બચત કરવી ખૂબ જ જરૂરી છે.

**આકાશવાણી :** તે કઈ કઈ રીતે કરી શકાય?

**એ. સી. પટેલ :** ઔદ્યોગિક એકમોમાં ઉચ્ચતમ ટેક્નોલોજી અપનાવી મોટર્સ, પંપ, વેરિએબલ સ્પિન ડ્રાઈવ, કોમ્પ્રેસર, કુલિંગ ટાવર, બોઈલર વગેરેનું વિશ્લેષણ કરી જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં ત્યાં એફિશિયન્ટ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઊર્જા બચત કરી શકાય છે.

વિગતવાર જોઈએ તો ખાસ કરીને મોટરો, ફરનેસ અને પંપોમાં વધુ વીજ વપરાશ થતો હોય છે તો આપણે તેને વિગતે વાત કરતાં મોટર માટેઃ કામ ન ચાલતું હોય ત્યારે વીજળીની મોટર બંધ રહે તે જોવું જરૂરી છે. સારી કાર્યક્ષમતાની મોટર ઓછો વીજ વપરાશ કરે છે. વીજળીની મોટર તેની ક્ષમતા પ્રમાણે ચલાવવી જોઈએ. જરૂરિયાત મુજબની જ મોટર વાપરવી જોઈએ. વધુ અથવા ઓછ ક્ષમતા વાપરવાથી મોટરની કાર્યક્ષમતા ઓછી થઈ જાય છે અને ઊર્જાનો વ્યય થાય છે. મોટરોને નુકસાન થતું રોકવા તેના પર થતો વીજભાર ઓછો કરવા માટે તેના છેડા ઉપર કેપેસિટર બેસાડવા જોઈએ. મોટરની ટુલી પરથી તેને ચલાવવા માટે જે પટો લગાવીએ છીએ તે પટા લપસી કે સરકી જવાથી પણ થતો ઊર્જાનો વ્યય અટકાવવા ઢીલા થયેલા પટાઓને સમયગાળે નિયમિત રીતે ટાઈટ રાખવા જોઈએ. મોટરોને ઠંડી રાખવા માટે સ્ટાફ રાખવામાં આવે છે. જ્યાં મોટરની ગતિમાં ફેરફાર થયા કરતો હોય ત્યાં ઈલેક્ટ્રોનિક્સ વેરિએબલ્સ સ્પીડ ડ્રાઈવ વાપરવાથી વીજળીની વપરાશ ઘટે છે. ઘસાઈ ગયેલી બેરિંગો તરત જ બદલી નાખો

**નેશનલ પાવર પોલિસી પ્રમાણે ૨૦૧૨ સુધીમાં દરેક ઉદ્યોગ, દરેક ગામ, દરેક ઘરને વીજળી પૂરી પાડવાની છે એટલે વીજળી બચત કરવી જ રહી**

અને સમયસર તેની દુરુસ્તી રાખવાનું રાખો. તો આ પ્રમાણે મોટરમાં આપણે કાળજી લઈને ઊર્જા બચત કરી શકીએ છીએ.

**આકાશવાણી :** આવાં અનેક બીજાં સાધનો હશે જેમાં આપણે ઊર્જાની બચત કરી શકીએ છીએ. તો તેના વિશે ટુંકાણમાં આપણા શ્રોતાને આપ જણાવશો?

**એ. સી. પટેલ :** ખાસ કરીને ઇલેક્ટ્રિક ફરનેસમાં પુષ્કળ પ્રમાણમાં વીજળી વપરાતી હોય છે. જ્યાં ઇન્ડસ્ટ્રીઝમાં હિટીંગ પ્રોસેસ ચાલતી હોય છે. તો આવી જગ્યાએ ફરનેસ પર થર્મોસ્ટેટિંગ કન્ટ્રોલર્સ મૂકવા જોઈએ. ગરમ ટાંકીમાં રાખેલી પ્રવાહીની ન્યૂનતમ જરૂરી સપાટીએ રાખવી અને તેનું ઉષ્ણતામાન જળવાઈ રહે તે માટે પોલિપ્રોપિલન પ્લાસ્ટિક વાલ્વ વાપરવા જોઈએ ઊષ્ણતા ભઠ્ઠીનું ઢાંકણ ઓછામાં ઓછી ઉઘાડબંધ કરવું અને યોગ્ય રીતે બંધકરવું. ઓછા ઉષ્ણતામાન વાળું પાણી જોઈએ તો સૌર ઊર્જાથી ગરમ કરેલું પાણી વાપરવું. ઉષ્ણતા ભઠ્ઠીમાં આવેલ રીફેક્ટરી લાઈનિંગનું યોગ્ય સમારકામ કરવું. અને જરૂર પ્રમાણે તેને અવારનવાર બદલવું. સિરામિક ફાયદા હાલમાં ખુબ જ ઉપયોગી ઉષ્ણતાવાહક તરીકે મળે છે તેનો ઉપયોગ કરવો. ફરનેસ અને ઓવનને ઓછા લોડ પર શક્ય હોય ત્યાં સુધી ન ચલાવો મહત્તમ ઓપ્ટિમમ ઉપયોગ થાય તે રીતે વાપરવું જેથી ઊર્જાની બચત થઈ શકે છે.

ફરનેસને એકવાર ગરમ થઈ ગયા પછી શક્ય હોય ત્યાં સુધી સળંગ વાપરવાની હોય તે રીતે પ્લાનિંગ કરો. ફરનેસમાં વપરાતા જિક્સ અને જિક્ચરનું વજન બને ત્યાં સુધી ઓછું રાખવું. ફરનેસ અને બોઈલરમાંથી વહી જતી ઊર્જા પાછી મેળવવા બીજા કામમાં સદુપયોગ કરો.

**આકાશવાણી :** અન્ય કોઈ એવાં સાધનો છે કે જેનો ઉપયોગ કરીને ઊર્જાની બચત કરી શકીએ?

**એ. સી. પટેલ :** બીજાં અગત્યના સાધનોમાં જોઈએ તો ખાસ કરીને પાણી, હવા કે વરાળને લઈ જતી પાઈપલાઈનોમાં ઊર્જાનું સતત વહન થતું હોય છે. અને મોટા ભાગે એવું જોવામાં આવે છે કે ઉદ્યોગોમાં તેમાં નાના લીકેજ અથવા તેના ઈન્સ્ટ્રુમેન્ટ્સની કોઈ કાળજી લેતું નથી જેમાં ઊર્જાનો ખૂબ જ વ્યય થતો હોય છે. તેમાં ઈન્સ્યુલેશ હોવું જોઈએ જેથી ઊર્જાનો વ્યય ન થાય.

બીજુ કોઈ પણ જગ્યાએ પ્રેશર માટે પંપ વાપરતા હોય ત્યારે એ પંપની ડિઝાઈન જેટલું લો પ્રેશર કરવાનું હોય તેટલું જ અને પૂરતા વીજ પૂરવઠા માટેની ડિઝાઈન પ્રમાણેનો જ પંપ વાપરવો જોઈએ. પંપના ઉપયોગ દરમિયાન નોર્મલી આપણે જરૂરી પ્રવાહને રોકવા માટે થ્રોટલિંગ સિસ્ટમ વાપરતાં હોઈએ છીએ એટલે કે વાલ્વ રાખીને કન્ટ્રોલ કરી શકાય પ્રવાહની વધઘટ કરતાં હોઈએ છીએ એ પદ્ધતિ સારી નથી એમ કરવાથી ઊર્જાનો પુષ્કળ વ્યય થાય છે. એના બદલે પંપની ડ્રાઈવની સ્પીડ વધઘટ કરીને પંપનો આઉટલેટ કે પુરવઠો વધઘટ કરવો જોઈએ. ■

# ગુણોત્સવમાં યુજીવીસીએલનું યોગદાન

ગુજરાત સરકારના અથાગ પ્રયત્નો દ્વારા પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે નામાંકન, સ્થાયીકરણ, સાથે સાથે ઉત્તમ કક્ષાનું ગુણવત્તાસભર શિક્ષણ મળે તેમજ દરેક શાળાઓ ભૌતિક સુવિધાઓથી તેમજ આનંદમય શિક્ષણથી સજ્જ બને તે હેતુસર તારીખ ૯,૧૦,૧૧ ડિસેમ્બર ૨૦૧૦ના રોજ ગુજરાત રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત રાજ્ય કક્ષાના સચિવ અને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડીરેક્ટર શ્રી એ. કે. વર્મા દ્વારા વડનગર તાલુકાની કેસીમ્પા કન્યાશાળા, જગાપુરા પ્રાથમિક શાળા અને કમાલપુર પ્રાથમિક શાળાની મુલાકાત લેવામાં આવી હતી. સૌ પ્રથમ બાળકો દ્વારા પ્રાર્થના સભાનું સમગ્ર સંચાલન સુંદર રીતે કરવામાં આવ્યું હતું. પ્રાર્થના સભામાં યોગ, પ્રાર્થના, ભજન, અભિનયગીત, ઘડિયાગાન, સમાચાર, આજનું ગુલાબ, અક્ષયપાત્ર, જેવી વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને સંગીતમય નિહાળ્યા.

**ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત રાજ્ય કક્ષાના સચિવ અને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડીરેક્ટર શ્રી એ. કે. વર્મા દ્વારા પ્રાથમિક શાળાની મુલાકાત લેવામાં આવી હતી**

ધોરણ ૧ અને ૨ની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. વિવિધ વર્ગોમાં માટીકામ, ચિત્રકામ, ઝરીકામ, ટિક્કી કામ જેવી અનેક આનંદમય પ્રવૃત્તિઓ જોવા મળી હતી. બાળકો હરોળમાં ઊભાં રહી અભિનય ગીતો ગાઇ આનંદમય શિક્ષણનો આનંદ લઇ રહેલા જોવા મળ્યા હતા.

ધોરણ ૩થી ૭માં બાળકોનો વાંચન, લેખન અને ગણનનો ટેસ્ટ લેવામાં આવ્યો હતો. આ જ રીતે અંગ્રેજી વિષયનો પણ વાંચર અને લેખન ટેસ્ટ લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત બાળકોનું સામાન્ય જ્ઞાન, સ્વચ્છતા, ટી.એલ.એમ, દૈનિક નોંધપોથી, શિક્ષકોએ કરાવેલું પ્રોજેક્ટ વર્ક, વાલી સંપર્ક રજિસ્ટર તેમ જ અન્ય પ્રવૃત્તિઓનું નિરિક્ષણ કરવામાં આવ્યું હતું. આ વર્ગના વિદ્યાર્થીઓનું વાંચન ખુબ જ સારું જોવા મળ્યું હતું. બાળકોનું વાંચન વધે તે માટેના પ્રયત્નો હાથ ધરવા માટે વર્ગ શિક્ષકને મૌખિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

શાળામાં કમ્પ્યુટર શિક્ષણ અંતર્ગત બાળકો કમ્પ્યુટરનો વધુમાં વધુ ઉપયોગ કરે અને વધુ સારું શિક્ષણ મેળવે તેવા પ્રયત્નો કરવાની સૂચના આચાર્યશ્રીને આપવામાં આવી હતી. શાળાના પર્યાવરણમાં ઔષધિ બાગનું નિર્માણ કરી બાળકોમાં પર્યાવરણ વિશે જાગૃકતા ફેલાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

ગુણોત્સવ સંદર્ભની આ પ્રેરણાદાયી મુલાકાતમાં એકંદરે શાળાનું શૈક્ષણિક વાતાવરણ અને પર્યાવરણ ખૂબ જ સારું જણાયું હતું. ■

# વીજબચત અંગે જાગૃતિ રેલી અને કાર્યક્રમોનું સફળતાપૂર્વક સમાપન

**હિંમતનગર સર્કલ**

રાજ્યમાં તારીખ ૧૪થી ૨૧ ડિસેમ્બર ૨૦૧૦ દરમિયાન વીજ બચત સપ્તાહ ઉજવવામાં આવ્યું હતું. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ તરફથી આ પ્રકારના કાર્યક્રમો અવારનવાર થતા રહે છે જેની અંતર્ગત ગુજરાતના હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા અને વિભાગીય કચેરીઓ દ્વારા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

૨૦.૧૨.૧૦ તલોદ વિભાગીય કચેરી દ્વારા રેલી અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં વિભાગીય કચેરીથી, હવેલી મંદિરથી, માર્કેટયાર્ડથી, ટાવર ચોક સુધી રેલી નીકળી હતી અને ત્યાંથી પરત થઇ હતી જ્યારે સી.ડી. પટેલ હાઇસ્કુલમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયું હતું.

૨૦.૧૨.૧૦ મોડાસા વિભાગીય કચેરી દ્વારા રેલીનું આયોજન થયું જે વિભાગીય કચેરીથી માલપુર ચાર રસ્તા જઇ ગામમાં પ્રવેશી, દેનાબેંક ખાંચાથી આગળ વધી અને ત્યાંથી પરત ફરી હતી.

૨૦.૧.૧૦ ઇડર વિભાગીય કચેરી દ્વારા રેલી વિભાગીય કચેરીથી બસ સ્ટેશન અને ત્યાંથી એપોલો ચાર રસ્તા થઇને જૂના ગામ પહોંચી ત્યાંથી પરત થઇ.

૨૧.૧૨.૧૦ હિંમતનગર વર્તુળ કચેરી અને વિભાગીય કચેરીએ રેલી અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કર્યુ જે વર્તુળ કચેરીથી નીકળી કલેક્ટર કચેરી, ડીએસપી કચેરી, શહેર પોલીસ સ્ટેશન, ટાવર ચોક, નવા બજાર, ગાંધી રોડ, જૂના બજાર, ત્રણ ખુણિયા ઓટલા સુધી પહોંચી અને ત્યાંથી પરત ફરી હતી. અને ૨૦.૧૨.૧૦ના રોજ જૈનાચાર્ય સ્કૂલમાં વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયું હતું.

દરેક સ્થાને યોજાયેલી રેલી અધિક્ષક ઇજનેર શ્રી એસ.આર.પટેલ સાહેબ તથા કાર્યપાલક ઇજનેર શ્રી એમ.આર. પટેલની હાજરીમાં અને ૨૦.૧૨.૧૦ના રોજ મોડાસા, ઇડર, તલોદ, વિભાગીય કચેરીઓમાં કાર્યપાલક ઇજનેરશ્રીઓની હાજરીમાં દરેક કચેરીઓ ખાતે ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી દરમિયાન વીજ બચત અંગેના બેનર્સ મૂકવામાં આવ્યા હતા, સૂત્રોના પોસ્ટર્સ સાથે વિશાળ રેલીમાં જુસ્સાભેર સૂત્રોનો ઉચ્ચાર કરી જનતામાં વીજ બચતનો સંદેશો પહોંચાડ્યો હતો.

**સૂત્રોના પોસ્ટર્સ સાથે વિશાળ રેલીમાં જુસ્સાભેર સૂત્રોનો ઉચ્ચાર કરી જનતામાં વીજ બચતનો સંદેશો પહોંચાડ્યો હતો**

**રેલી દરમિયાન બોલવામાં આવેલાં સૂત્રો**

૧. વીજ વ્યયમાં મૂકીએ કાપ, પૈસા બચશે આપોઆપ

૨. વીજ બચાવો દેશ બચાવો

૩. વીજ બચત એટલે રાષ્ટ્રભક્તિ, વીજ વ્યય એટલે રાષ્ટ્રદ્રોહ

૪. વીજળી રાષ્ટ્રની સંપત્તિ છે, તેની બચત કરો બચત કરો

૫. આજની વીજ બચત એટલે, વધારે સારી આવતી કાલ

૬. વીજ ચોરી સામાજીક દુષણ, વીજ બચત સમાજની પ્રતિષ્ઠા

૭. વીજ બચાવો, નાણા બચાવો

૮. વીજ વિકાસનો પ્રાણ, એની બચત એજ કલ્યાણ

૯. વીજ કટોકટીનો સરળ ઇલાજ વીજ બચત વીજ બચત

વીજબચતના જાગૃતતા કાર્યક્રમમાં હિંમતનગરની સી.ડી.પટેલ હાઇસ્કૂલ અને જૈનાચાર્ય હાઇસ્કૂલમાં ધોરણ ૮થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓમાં વીજ બચત અંગેની વક્તૃત્વ સ્પર્ધા આયોજિત કરવામાં આવી હતી. બંને સ્કૂલોમાંથી દસ દસ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય પુરસ્કાર આપીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું.

જૈનાચાર્ય હાઇસ્કૂલ હિંમતનગરની ૯મા ધોરણમાં ભણતી પર્લ એસ. પટેલને રૂ.૫૦૦/નો પુરસ્કાર મળ્યો જ્યારે એ જ સ્કૂલની ૧૦મા ધોરણમાં ભણતી ધારા એસ. પટેલને રૂ.૩૦૦/- નો પુરસ્કાર મળ્યો હતો. એ જ રીતે તે જ સ્કૂલની ૧૦મા ધોરણમાં ભણતી અલિશા એન. પટેલને

**વીજળીની બચત કેવી રીતે કરવી તે અંગેનાં પેમ્ફલેટ અને બેનરો આપી સૌને સમજણ પૂરી પાડી હતી**

રૂ.૨૦૦/-, તલોદની સી.ડી પટેલ સ્કૂલના ૯મા ધોરણના વિદ્યાર્થી શુભમ આર. શાહને રૂ.૫૦૦/-, એ જ સ્કૂલના ક્રીમી આર. શાહને રૂ.૩૦૦/-, અને એ જ સ્કૂલની ૯મા ધોરણમાં ભણતી ખુશ્બુ પી. પટેલને રૂ.૨૦૦/-નો પુરસ્કાર મળ્યો હતો.

આ પ્રકારે સંપૂર્ણ વીજ બચત જાગરુતતા કાર્યક્રમને સફળ બનાવી તે અંગેની સીડી સીટી કેબલ પર પ્રસારિત કરી જાહેર જનતામાં વીજ બચત અંગેનો સંદેશો પહોંચાડવામાં આવ્યો હતો.

### પાલનપુર સર્કલ

૧૪મી ડિસેમ્બરથી ૨૧મી ડિસેમ્બર દરમિયાન વીજબચત સપ્તાહ તરીકે પાલનપુર સર્કલના વિવિધ ડિવિઝન અને સબડિવિઝન દ્વારા ઉજવણી કરવામાં આવેલ હતું. સમગ્ર સપ્તાહ દરમિયાન પાલનપુર, ડીસા, રાધનપુર અને સિદ્ધપુરમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કર્મચારીઓ દ્વારા રેલીનું આયોજન કરવામાં આવેલ હતું. આ રેલીના સભ્યો દ્વારા શહેરના મુખ્ય માર્ગો પરથી ફરીને ગ્રાહકોને જાગૃત કરવામાં આવ્યા હતા. વીજળીની બચત કેવી રીતે કરવી તે અંગેના ચોપાનિયા અને બેનરો આપી તેમને સમજણ પૂરી પાડી હતી.

પાલનપુર સર્કલ દ્વારા આયોજિત આ રેલી સમારોહમાં પાલનપુર સર્કલના કાર્યપાલક ઇજનેર શ્રી એચ. ડી. રાઠોડ, પાલનપુર - ૧ના કાર્યપાલક ઇજનેર શ્રી એ. કે. મંગલ, પાલનપુર - ૨ના કાર્યપાલક ઇજનેર શ્રી જે. એમ. મોચી ઉપરાંત સર્કલના અન્ય અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. શાળાના કુલ ૧૩૦૦ જેટલાં બાળકો પાલનપુરના ગુરુનાનક ચોકથી જહાંનારા બાગ સુધી રેલી લઇ ગયા હતા. આ દરમિયાન વિવિધ ચોપાનિયા રસ્તા પર લોકોને વહેંચ્યા હતા.

દરેક વિભાગીય કચેરીઓ દ્વારા ધોરણ ૮થી ૧૦ના શાળાના વિદ્યાર્થીઓ વચ્ચે ઊર્જા બચત અંગે વિવિધ વિષયો પર ડીબેટ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતાં.

આ જ રીતે ડીસા ડિવિઝન ૧, ડીસા ડિવિઝન-૨ અને રાધનપુર ડિવિઝન તેમજ સિદ્ધપુર ડિવિઝને પણ આ વીજબચત સપ્તાહ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### સાબરમતી સર્કલ

૧૪મી ડિસેમ્બરથી ૨૧મી ડિસેમ્બર દરમિયાન વીજબચત સપ્તાહ તરીકે સાબરમતી સર્કલના પેટા વિભાગીય કચેરી કુજાડ અને નરોડા અંતર્ગત આવતા રહેણાંક વિસ્તારોમાં તારીખ ૧૮-૧૨-૧૦ના રોજ ઊર્જા બચત સપ્તાહની ઉજવણી અંતર્ગત રેલીનું આયોજન કરવામાં આવેલ. રેલીમાં આશરે ૧૫૦ જેટલા કર્મચારી ભાઇ બહેનોએ ભાગ લીધો હતો. રેલીનો રૂટ આશરે સાડા ચારથી પાંચ કિલોમીટર લાંબો રાખવામાં આવ્યો હતો. રેલી દરમિયાન કર્મચારી ભાઇઓએ વીજબચતને લગતા સૂત્રો પોકાર્યા હતા. કર્મચારીઓના હાથમાં વીજ બચતને

લગતા ડીસ્પ્લે કાર્ડ હતા અને તે સાથે ચોપાનિયાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ રેલી કુજાડ પેટા વિભાગીય કચેરી અંતર્ગત આવેલ હરિદર્શન ચોકડીથી શરૂ થઇ વિવિધ સોસાયટીઓમાંથી પસાર થઇ હતી અને નરોડા પેટા વિભાગીય કચેરી ખાતે પૂર્ણ થયેલ હતી. રેલી પૂરી થયાં પછી તે સામાન્ય સભામાં ફેરવાઇ ગયેલ હતી અને તે પ્રસંગે કાર્યપાલક ઇજનેર શ્રી રાઠોડે પ્રેરણાત્મક ઉદબોધન કર્યું હતું.

વીજ બચત સપ્તાહ નિમિત્તે તા. ૨૧-૧૨-૧૦ના રોજ નરોડા પેટા વિભાગી તરફથી લાયન્સ સર્કલ નરોડામાં વીજળી બચતના ફાયદાઓ મેળવવા કયાં કયાં પગલાં લેવા જોઇએ તે વિષય સંદર્ભે શાળાના વિદ્યાર્થીઓમાં વક્તૃત્વ સ્પર્ધામાં

**વીજબચત સપ્તાહ દરમિયાન રેલી, વકતૃત્વ સ્પર્ધા અને અન્ય જાગૃતિ ફેલાવવાના કાર્યક્રમોમાં અનેક લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો**

ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતુ ઉપરાંત હાજર રહેલા વિદ્યાર્થીઓને ચોકલેટનું વિતરણ કર્યું હતું.

સાબરમતી વિભાગીય કચેરી તેમજ તેની અંતર્ગત આવેલ તમામ પેટા વિભાગીય કચેરીઓમાં વીજ બચતને લગતાં ફ્લેક્સ બેનર્સ લગાવવામાં આવ્યાં હતાં.

સાબરમતી વિભાગીય કચેરી અંતર્ગત આવેલ તમામ પેટા વિભાગીય કચેરીઓમાં વીજ બચતને લગતાં પ્રિન્ટેડ લીફલેટ્સ પહોંચાડવામાં આવેલ. તેનું વિતરણ પેટા વિભાગીય કચેરીના કર્મચારીઓએ જાહેર જનતામાં કરેલ હતું.

સાબરમતી અંતર્ગત આવેલ તમામ પેટા વીભાગીય કચેરીઓને મોકલી આપી હતી અને પેટા વિભાગીય કચેરીએ જે તે વિસ્તારના સ્થાનિક કેબલ ઓપરેટરો દ્વારા આ વીજબચત અંગેની સમજ આપતી સીડીનું સ્થાનિક ટીવી માધ્યમ દ્વારા પ્રસારણ કરવામાં આવ્યું હતું.

### દહેગામ

જ્યારે આખા રાજ્યમાં ૧૪મી ડિસેમ્બરથી ૨૧મી ડિસેમ્બર દરમિયાન વીજબચત સપ્તાહ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે ત્યારે દહેગામ ખાતે દહેગામ શહેર, દહેગામ ગ્રામ્ય અને રખિયાલ પેટા વિભાગ ગ્રામ્ય દ્વારા વીજ બચત અંગે લોકોમાં જાગૃતિ કેળવાય તેવા આશય સાથે વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ખાસ વીજબચત સપ્તાહની ઉજવણીના ભાગ સ્વરૂપે વિશાળ રેલીના આયોજનમાં દહેગામ શહેર, દહેગામ ગ્રામ્ય અને રખિયાલ પેટા વિભાગીય ગ્રામ્ય કચેરીનો તમામ સ્ટાફ રેલીમાં જોડાયો હતો. રેલી દહેગામ વીજ કચેરીથી પ્રારંભ થઇ જૂના બજાર ચોક, મામલતદાર કચેરી રોડ, પંકજ સોસાયટી, મોડાસા રોડ પાસેથી પસાર થઇ નહેરૂ ચોકડી ખાતે પહોંચી હતી.

રેલીમાં ગાંધીનગરના કાર્યપાલક ઇજનેર શ્રી એ.એમ. પટેલ, દહેગામ ટાઉનના ઇજનેર શ્રી બી.એમ. ચૌધરી, ગ્રામ્ય પેટાવિભાગ કચેરીના નાયબ ઇજનેર શ્રી એમ.બી.ભુભતકર અને રખિયાલ કચેરીના ઇજનેર એમ.એસ. ગાંધી પણ જોડાયા હતા.

સમગ્ર સપ્તાહ દરમિયાન કર્મચારીઓ દ્વારા શહેરના મુખ્ય માર્ગો પરથી ફરીને ગ્રાહકોને જાગૃત કરવામાં આવ્યા હતા. વીજળીની બચત કેવી રીતે કરવી તે અંગેના પોસ્ટરો, ચોપાનિયા અને બેનરો આપી તેમને સમજણ પૂરી પાડી હતી.

આ વીજબચત સપ્તાહ કાર્યક્રમમાં લોકોએ ઉત્સાહભેર ભાગ લઇ કાર્યક્રમને સફળ બનાવ્યું હતું. ■

**વીજબચત કરવા અંગેના પ્રશ્ન માટે દરેક ઘરમાં પણ વીજબચત કરવાના પ્રયત્નો કરવા જોઈએ જેના કેટલાક મુદ્દા નીચે આપ્યા છે**

# ઘરમાં વીજ બચત કરવાની કેટલીક રીતો

**લાઇટ સિસ્ટમ**

૧. વીજ બચત કરવા માટેનું સૌથી સારું સાધન છે લાઇટની સ્વિચ. જ્યારે જરૂર હોય ત્યારે સ્વિચ ચાલુ કરો, જરૂર ન હોય ત્યારે સ્વિચ બંધ કરી દો. આથી વીજળીની બચત કરી શકાશે.

૨. મોટાં ભાગના ઓટોમેટિક સાધનોમાં પણ વીજ બચત થઇ શકે છે. સાધનોમાં ઇનફ્રારેડ સેન્સર્સ, નોશન સેન્સર્સ, ઓટોમેટિક ટાઇમર્સ, ડિમર્સ અને સોલર સેલ્સ જે લાગી શકતાં હોય તે ઓન-ઓફ થતી સ્વિચની સર્કિટમાં લગાવો.

૩. પ્રકાશ માટે ટાસ્ક લાઇટિંગનો ઉપયોગ કરો જે માત્ર કાર્ય વિસ્તાર પર લાઇટ ફેંકે તેવા પણ શેડ્ઝ મળે છે. દા.ત. રીડિંગ લેમ્પ - તમારે જેટલા વિસ્તારમાં વાંચવાનું હોય તેટલી જ લાઇટ આવે આ માટે આખા રૂમમાં લાઇટની જરૂર હોતી નથી.

૪. ગંદા ટ્યૂબ લાઇટ્સ અને બલ્બ્ઝ ઓછો પ્રકાશ ફેંકે છે. તમારા ઘરમાં લગાવેલા ટ્યૂબ લાઇટ્સ અને બલ્બ્ઝને નિયમિત સાફ કરતાં રહો.

૫. સામાન્ય બલ્બ્ઝ કરતાં ફ્લોરોસન્ટ અને સીએફએલ બલ્બ્ઝ વાપરવાથી પ્રકાશ ૫ ગણો વધુ મળે છે અને લગભગ ૭૦ ટકા વીજળી બચાવે છે.



૬. સામાન્ય બલ્બ્ઝ ૯૦ ટકા વધુ ઊર્જા વાપરે છે, પ્રકાશ ઓછો આપે છે અને ગરમી વધુ આપે છે.

૭. ૧૫ વૉટનો ફ્લોરોસન્ટ બલ્બ ૬૦ વૉટના ઇનકેન્ડેસન્ટ બલ્બ જેટલો જ પ્રકાશ આપે છે.

૮. ટીવી, ઓવન, આયર્ન, હોમ કમ્પ્યુટર, વૉશિંગ મશીન, ઘરઘંટી જેવાં સાધનો વાપર્યાં પછી તેની મુખ્ય સ્વિચ બંધ કરી દેવાથી ઊર્જા બચત થાય છે.

૯. બે કે ત્રણ જુદા જુદા રૂમમાં અલગ અલગ બેસી વાંચવા કરતાં એક જ રૂમમાં બેસી વાંચવાથી વીજબચત થાય છે.

૧૦. ટીવીમાં ફિલ્મ જોતી વખતે મુખ્ય લાઇટની જરૂર ન હોય તો બંધ કરી દેવી.

૧૧. પંખા, પાણીની કે કુલરની મોટર સમય સમય પર સાફ કરાવતાં રહેવું અને યોગ્ય મોટરનો જ ઉપયોગ કરવો.

# ચેસના વિશ્વવિક્રમમાં પણ યુજીવીસીએલનો ડંકો

ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ચેસની રમતને લોકપ્રિય કરવાના દ્રઢ સંકલ્પને સાકાર કરવા ૨૪ ડિસેમ્બર ૨૦૧૦ના રોજ જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે યોજાયેલ સ્વર્ણિમ ગુજરાત ચેસ મહોત્સવમાં એક સાથે ૨૦,૪૮૦ ખેલાડીઓએ ૧૦૦૦ જેટલા માસ્ટર્સ સાથે રમીને વિશ્વ વિક્રમ સર્જ્યો. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેના હસ્તકની તમામ વીજ કંપનીઓના લગભગ ૩૦૦ જેટલા કર્મચારીઓએ તથા ૩૫ જેટલા માસ્ટર્સ તથા ૪ કર્મચારીઓ આર્બીટર તરીકે ભાગ લઈને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં વિશ્વ વિક્રમ નોંધાવવાના મહાયજ્ઞમાં સાથ આપ્યો હતો.

આ અગાઉ ૨૦ નવેમ્બરથી ૧૫ ડિસેમ્બર દરમિયાન રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવેલા ખેલ મહાકુંભમાં પણ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ હસ્તકની કંપનીના કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ચેસ ટુર્નામેન્ટમાં ઉકાઈ થર્મલ પાવર સ્ટેશનના પી.ઓ.શ્રી કમલ લાડ તાપી જિલ્લામાં અને પીજીવીસીએલના શ્રી જી. કે. ચોટાઈ પોરબંદરમાં ચેમ્પિયન બની અમદાવાદ ખાતે ફાઈનલ ટુર્નામેન્ટમાં ભાગ લેવા પસંદગી પામ્યા હતા. શ્રી કિશોરસિંહ જેઠવાએ આર્બીટર તરીકે પોરબંદર જિલ્લામાં ફરજ બજાવી હતી.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના વાઈસ પ્રેસિડેન્ટ (કોઓર્ડિનેશન) શ્રી ડી.જી.પટેલના સીધા માર્ગદર્શન અને શ્રી કે. કે. સોની જનરલ મેનેજર (એચઆર)ના નેતૃત્વ હેઠળ ચીફ નોડલ ઓફિસર તરીકે શ્રી શૈલેષ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર

(પીઆર), યુજીવીસીએલની નિયુક્તિ કરી તમામ કંપનીમાં નોડલ ઓફિસરોની નિયુક્તિ કરવામાં આવી હતી. જેમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટના શ્રી કિશોરસિંહ જેઠવા, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ, વડોદરાના શ્રી જે. ટી. પેશવાની, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડના શ્રી કે. એન. પરીખ, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડના શ્રી ડી. એન. દેસાઈ, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ, વડોદરાના શ્રી શૈલેષ જોશી સામેલ હતા અને અન્ય રસ ધરાવતા તમામ કર્મચારીઓનાં નામનું રજિસ્ટ્રેશન ખેલાડીઓ તથા માસ્ટર તરીકે કરવામાં આવેલ હતું. યુજીવીસીએલના શ્રી અજય વખારિયા, ડીજીવીસીએલના શ્રી દિપક દેસાઈ અને શ્રી એમ. કે. પઠાણે આયોજકની જરૂરિયાતોને અનુલક્ષીને આર્બીટર તરીકે ફરજ બજાવી હતી. આમ લગભગ ૩૦૦ જેટલા કર્મચારી ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

મોટાભાગના માસ્ટરોએ સ્પર્ધાના નિયમોને અનુલક્ષીને ૨૦ ખેલાડીઓ સાથે રમવાનું હતું અને ૮૦ ટકા જીતવાનો સ્કોર કરવાનો હતો. જે તમામ માસ્ટર દ્વારા પ્રાપ્ત કરવામાં આવ્યું હતું અને ૯૦થી ૧૦૦ ટકા જીતવાનો સ્કોર મેળવવામાં સફળતા મેળવી વિશ્વ વિક્રમ સ્થાપવામાં પોતાનું મહત્ત્વનું યોગદાન પ્રદાન કર્યું હતું.

આ ટુર્નામેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીના ઈન્ટરનેશનલ રેટેડ પ્લેયર (FIDE) આસિસ્ટન્ટ મેનેજર (પીઆર) શ્રી શૈલેષ નાયકને આ ટુર્નામેન્ટના સમાપન સમારંભમાં માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં વિશ્વ વિજેતા શ્રી વિશ્વનાથન આનંદ સાથે રમનારા ગુજરાતના જાણીતા ૬૪ ખેલાડીઓ પૈકી રમવા માટે આમંત્રણ આપીને ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશન દ્વારા બહુમાન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, ઉચ્ચ અધિકારીઓ અને રમતગમતના માધાંતાઓ ઉપરાંત ગુજરાત તથા હિન્દી ફિલ્મના ખ્યાતનામ ગુજરાતના કલાકાર શ્રી પરેશ રાવલ અને શ્રી મનોજ જોશીએ હાજરી આપીને સમગ્ર પ્રસંગને શોભાવ્યો હતો.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની કંપની પૈકી યુજીવીસીએલના ભાગ લેનાર માસ્ટર્સમાં મુખ્ય છેઃ શ્રી એસ. એ. નાયક, શ્રીમતી આશાબહેન ખાલપડે, શ્રી દેવીબહેન યુ. શાહ.

# ઈન્ટર સર્કલ વોલીબોલ ટુર્નામેન્ટમાં પાલનપુરની ટીમ ચેમ્પિયન

તા.૦૫-૧૨-૨૦૧૦નાં રોજ શ્રીમતી એચ. પી. ઠાકર વિદ્યાલય, શામળાજી ખાતે હિંમતનગર વર્તુળ કચેરીના યજમાનપદે કુદરતી વાતાવરણમાં ઈન્ટરસર્કલ વોલીબોલ ટુર્નામેન્ટ આયોજન કરવામાં આવેલ જેમેં અત્યંત રોમાંચક મેચને અમે ફાઈનલ સ્પર્ધા મહેસાણા અને પાલનપુર શહેર વચ્ચે રમાયેલ જેમાં પાલનપુરની ટીમ ચેમ્પિયન બનેલ.

ટુર્નામેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લી.ના હિંમતનગર, પાલનપુર, મહેસાણા અને સાબરમતી સર્કલ ઓફિસના કર્મચારીઓએ ભાગ લીધો હતો.

ઈન્ટર સર્કલ વોલીબોલ ટુર્નામેન્ટના ચેમ્પિયન ટીમના નામો

| ક્રમ | નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી. ડી. જે. ફેરા | હેલ્પર | લખાની સબ. ડિવી. |
| ૨ | શ્રી. જે. એ. ચૌહાણ | હેલપર | પાલનપુર સબ. ડિવી. |
| ૩ | શ્રી. વાય. એસ. રાવલ | જુનિ. એન્જિનિયર | રાધનપુર ડી. ઓ. |
| ૪ | શ્રી. કે. જે. પટેલ | ડી.વાય.એસ.એ. | પાલનપુર, ડી.ઓ. |
| ૫ | શ્રી. એલ. આર. પટેલ | જુનિ. આસિસ્ટન્ટ | સીધપુર, ડી.ઓ. |
| ૬ | શ્રી. એલ.એસ ખરાઢી | હેલ્પર | ઊંઝા સબ. ડિવી. |
| ૭ | શ્રી. વી.બી.બુબડીયા | હેલ્પર | પાલનપર સબ. ડિવી. |
| ૮ | શ્રી. કે.બી. પુરોહીત | જુનિ. આસિસ્ટન્ટ | પાલનપુર. ડી.ઓ. |
| ૯ | શ્રી.બી. એસ. ડામોર | એ એલ એમ | છાપી સબ. ડિવી. |
| ૧૦ | શ્રી. બી.જી. કોએટીયા | જુનિ. આસિસ્ટન્ટ | ડિશા, ડી. ઓ. ૧ |
| ૧૧ | શ્રી. એન. એ. સોલંકી | જુનિ. આસિસ્ટન્ટ | ડિશા, ડી. ઓ. ૨ |
| ૧૨ | શ્રી. ટી. બી. બરંડા | સિનિ. આસિસ્ટન્ટ | પાલનપુર સર્કલ ઓફિસ |

| ઈન્ટર સર્કલ વોલીબોલના ટુર્નામેન્ટના રનર્સઅપ ટીમના નામો | | | |
|---|---|---|---|
| ક્રમ | ખેલાડીનુ નામ | હોદ્દો | કામનું સ્થળ |
| ૧ | કે. જે. કલસાવા | હેલ્પર | મહેસાણા સિટી. સબ. ડિવી. |
| ૨ | એસ. વાય. ડામોર | આઈ. આર. ઓ. | રજિ.ઓફિસ. મહેસાણા |
| ૩ | પી. એસ.અસારી | હેલ્પર | માણસા સબ. ડિવી. |
| ૪ | આઈ. જે. ગામેતી | હેલ્પર | સાતલસણા સબ. ડિવી. |
| ૫ | બી.જે તરાલ | હેલ્પર | સાતલસણા સબ. ડિવી. |
| ૬ | આર. એમ. ગામેતી | સિનિ. આસિસ્ટન્ટ | વીજાપુર ડી.ઓ. |
| ૭ | ડી. કે. ચોહાણ | હેલ્પર | મહેસાણા સબ. ડિવી. |
| ૮ | એચ. સી. પઢીયાર | હેલ્પર | મહેસાણા સબ. ડિવી. |
| ૯ | વી. એ. ભટ્ટ | જુનિ. આસિસ્ટન્ટ | કડી. સબ. ડિવી. |
| ૧૦ | બી.એસ. નાયક | જે.એ.(ટી) | મહેસાણા આર.ઓ. |
| ૧૧ | આર. એન. નાયક | જુનિ. આસિસ્ટન્ટ | મહેસાણા સર્કલ ઓફિસ |
| ૧૨ | એ. એસ. વસાવા | હેલ્પર | મહેસાણા સબ. ડિવી. |

ટુર્નામેન્ટ ઉદઘાટન સંભારંભમાં મોડાસા વિભાગીય કચેરીના કાર્યાલયના ઈજનેર શ્રી એન. કે. પટેલ તથા કંપનીના સ્પોર્ટ્સ સેક્રેટરી અને ઈન્ડસ્ટ્રીયલ ઓફિસર શ્રી એસ. વાય. ડામોર ઉપસ્થિત રહ્યા હતા.

ટુર્નામેન્ટમાં સમાપન સમારંભમાં કંપનીના ઈન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક શ્રી ડી. એમ. તિવારી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતાં. ઈનામ વિતરણ બાદ પ્રાસંગિક પ્રવચનમાં શ્રી તિવારીએ વિજેતા તથા રનર્સઅપ ટીમના ખેલાડીઓને અભિનંદન આપી, કંપનીના કામગીરીમાં પણ ખેલાડીની ભાવના પ્રગટ થાય તે રીતે કામ કરવા તમામ કર્મચારીઓને અનુરોધ કરેલ અબાંજી ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપનીના યજમાનપદે તા ૮ અને ૯ જાન્યુ-૧૧ ના રોજ ઈન્ટર કંપની વોલીબોલ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ ટીમ.

| ઈન્ટર કંપની વોલીબોલ ટુર્નામેન્ટ માટે પસંદગી પામેલ ટીમ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | ખેલાડીનુ નામ | હોદ્દો | કામનું સ્થળ | સર્કલ |
| ૧ | વાય.એસ. રાવલ | જુનિ. ઈન્જિનિયર | રાનધનપુર ડી.ઓ. | પાલનપુર |
| ૨ | ડી. જે. ફેરા | હેલ્પર | લખાની સબ.ડિવી. | પાલનપુર |
| ૩ | વી. જે. અસારી | આ.સેક્રેટરી | સર્કલ ઓફિસ હિંમતનગર | હિંમતનગર |
| ૪ | એમ. આર. નીનામા | હેલ્પર | રૂરલ સબ. ડિવી. હિંમતનગર | હિંમતનગર |
| ૫ | કે. જે. કાલસાવા | હેલ્પર | સિટી સબ. ડિવી. મહેસાણા | મહેસાણા |
| ૬ | આઈ. જી. ગમેતી | હેલ્પર | સાતલસણા સબ. ડિવી. | મહેસાણા |
| ૭ | બી.જી. તરાલ | હેલ્પર | સાતલસણા સબ. ડિવી. | મહેસાણા |
| ૮ | પી.એસ. અસારી | હેલ્પર | માણસા સબ. ડિવી. | મહેસાણા |
| ૯ | એસ. વાય. ડામોર | આઈઆરઓ | આરએન્ડસી મેહસાણા | મહેસાણા |
| ૧૦ | એ. એસ. અસોડા | એલ. એમ. | ટાઉન સબ. ડિવી. હિંમતનગર | હિંમતનગર |
| ૧૧ | એસ. ડી. ફનેજા | સી.આસિસ્ટન | આર. એસ.ઓ. હિંમતનગર | હિંમતનગર |
| ૧૨ | એ.કે. ડામોર | જુનિ. આસિસ્ટન | ભીલોડા સબ. ડિવી. | હિંમતનગર |

પાલનપુર સર્કલ ઓફિસમાં મીટર ઈન્સ્પેક્ટર (વિજિલન્સ) તરીકે કાર્યરત શ્રી હરેશકુમાર આર. જાનીના પુત્ર શ્રી બિરજુ હરેશકુમાર જાનીએ એચએસસી વિજ્ઞાન

માં કેમિસ્ટ્રીમાં૮૯ અને ફિઝિક્સમાં ૯૧ માર્ક્સ મેળવ્યા અને ૮૫ ટકા મેળવ્યા છે. આ ઉપરાંત ગુજકેટની પરીક્ષામાં ૧૨૦માંથી ૯૭.૭૫ માર્ક્સ મેળવી યુજીવીસીએલનું ગૌરવ વધાર્યું છે.

# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

## રજી. & કોર્પો. ઓફીસ, વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧

માનવંતા ગ્રાહકો તથા જાહેર જનતાને ઉત્તરાયણ પર્વ સારી રીતે ઉજવવા તથા વીજ અકસ્માત નિવારણ માટે પતંગ ચગાવતી વખતે નીચે જણાવેલ વિગતો/મુદ્દાઓ અવશ્ય ધ્યાનમાં રાખવા નમ્ર વિનંતીછે.

- વીજળીના તારને અડકશો નહી.
- પતંગ કે દોરી વીજળીના થાંભલા કે તારમાં ફસાઈ જાય ત્યારે તેને લેવા કે થાંભલા ઉપર કે તાણીયા ઉપર ચડશો નહી.
- વીજળીના વાયર/તાર ઉપર પડેલ પતંગ લેવા લંગર નાંખશો નહી આ રીતે લંગર નાખીને તેને ખેંચવાથી વીજળીના તાર ભેગા થતા મોટા ભડાકા થાય. તાર તૂટી જાય અને અકસ્માત સર્જાય તેમજ લોકોના મોંઘા સાધનો (ઉપકરણો) બળી જાય તથા આર્થિક નુકશાન થાય.
- તમારા ઘરની આજુબાજુમાં થાંભલો કે વીજળીના તારમાં અટવાયેલા પતંગ લેવા માટે લાકડી કે લોખંડના સળીયા વડે તેને કાઢવાની કોશિષ કરશો નહી.
- ધાતુના તાર બાંધીને પતંગ ઉડાડશો નહી કારણ કે ધાતુના તાર વીજળીના તારને અડકતા વીજળીનો આંચકો અને અકસ્માત સર્જવાની સંભાવના રહે છે.
- નજીવી કિંમતના પતંગ માટે આપની અણમોલ કિંમતી જીંદગી જોખમમાં ના મૂકાય તેનો ખ્યાલ રાખો.
- આપનો પતંગ ઉડે ત્યાં સુધી ઉડાડવો અને હાથમાંથી સરકે તો તેને જતો કરવો.
- વીજળીના તૂટેલા તારથી દૂર રહો, નજીકના વાયર પર વીજ કરંટ ઉતરતો હોય તો તે બાબતની તાત્કાલિક ફરીયાદ, અમારા ગ્રાહક સુવિધા કેન્દ્ર ઉપર ખબર આપો.

**ઉપરોક્ત સૂચનાઓ યાદ રાખી અકસ્માત ના સર્જાય તેની સાવચેતી રાખશો.**

**આપના બાળકોની સાથે રહી ઉત્તરાયણનો ઉત્સવ ખુશી/ઉમંગથી ઉજવશો તેવી શુભેચ્છા.**

**!! પોતાના તેમજ રાષ્ટ્રના હિત માટે વીજળી બચાવો !!**

**પી.જે.પટેલ** (મુખ્ય ઈજનેર)

# મધ્યપ્રદેશમાં સરકારી ઓફિસોમાં એનર્જી ઓડિટ ફરજિયાત

મધ્યપ્રદેશ સરકારે એવો આદેશ બહાર પાડ્યો છે કે રાજ્યની સરકારી, સેમિ-સરકારી, નિગમો અને બોર્ડ ઓફિસોમાં ઊર્જા ઓડિટ કરવું ફરજિયાત થશે. ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જી વિભાગ તરફથી દરેક વિભાગના વડા, નિગમોના વડા ડિવિઝનલ કમિશનર અને કલેક્ટર્સને સૂચના જારી કરી દીધી છે.

દરેક વિભાગને કહેવામાં આવ્યું છે કે તેઓ પોતાની ઓફિસનું ઓડિટ કરાવે, પોતાની બિલ્ડિંગ માટે એક એક્શન પ્લાન તૈયાર કરે અને તેના દ્વારા ઊર્જા બચત માટે પોતાનાથી બનતા પ્રયત્નો કરે. જેમનાં બિલ વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન પાંચ લાખથી વધુ આવ્યાં છે તેમને આ સૂચનાનું કડક રીતે પાલન કરવાનું કહેવામાં આવ્યું છે.

હવે પાવર ટેરિફમાં વધારો થવાના કારણે એવું ધ્યાન રાખવાનું રહેશે કે હવેના વર્ષમાં વધારાના ટેરિફ

સાથે ગયા વર્ષ કરતાં ઓછું અથવા તેટલું જ બિલ આવે તેવો પ્રયત્ન કરવો પરંતુ તેથી વધવું ન જોઇએ.

એનર્જી ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા આ કાર્ય માટે ઓડિટર્સની પેનલ બનાવવામાં આવશે. ઓડિટ કરવા માટેની વર્ગીકરણ પ્રમાણે ઓડિટ ફી પણ રાખવામાં આવી છે. ઓડિટ કર્યા પછી શું કરવાથી ઊર્જા ઓછી વપરાય તે માટેના સૂચનોને પણ અપનાવવામાં આવશે. ■

# કાર્યક્ષમ અને બિનખર્ચાળ પ્લાસ્ટિક સોલર સેલ હવે જલદી મળશે

એક વિદેશી યુનિવર્સિટીના ભૌતિક વૈજ્ઞાનિકોએ પોલ્યુશન ફ્રી ઇલેક્ટ્રિસિટી ઉત્પાદન કરવા માટે એક નવા પદાર્થની શોધ કરી છે જેના દ્વારા કાર્યક્ષમ અને બિનખર્ચાળ પ્લાસ્ટિક સોલર સેલ બનાવી શકાશે.

આ શોધને ઓનલાઇન પોસ્ટ કરી છે અને નેચરલ મટીરિયલ નામના જરનલ મેગેઝિનમાં છાપવાનું નક્કી થયું છે. તેના દ્વારા જાણી શકાશે કે કેટલાક પ્રકાશ દ્વારા ઉત્પન્ન થનારી વીજળી લઇ જનારા તત્વો પહેલાં કરતાં હજારો ગણી ઝડપથી વહી શકશે. આથી વૈજ્ઞાનિકોની આશા બંધાઇ છે કે સોલર સેલના આધારે ચાલતી શરૂ થયેલી ટેક્નોલોજી એક દિવસ પરફોરમન્સમાં સિલિકોન સોલર સેલથી પણ આગળ નીકળી જશે અને તેના દ્વારા ફોસિલ ફ્યુઇલ કરતાં સોલરથી ચાલનારા ઇલેક્ટ્રિક ઉપકરણોની કાર્યદક્ષતા વધી જશે. ■

# ઊર્જામાં દક્ષતા લાવવા ભારતીય સરકાર તરફથી વ્હાઇટ સર્ટિફિકેટની યોજના

ભારતમાં ઊર્જા ક્ષેત્રે ઊર્જા બચત માટે અનેક યોજનાઓ અને કાર્યક્રમો થતાં રહે છે. ગ્રીનહાઉસ ગેસ એમિશનમાં ભારત વિશ્વમાં ચોથા સ્થાને છે પરંતુ ઊર્જા બચત માટે ઊર્જા દક્ષતા લાવવા માટે હજુ ઘણું કરવાનું છે. આ એકબીજા સાથે જોડાયેલા અનેક પડકારોને ઝિલવા માટે ભારત સરકારે ઊર્જા બચત કરવી એ દેશનું એકસૂત્રી અભિયાન બનાવ્યું છે. ઊર્જા બચતને પ્રોત્સાહન આપવા માટે એનર્જી એફિશિયન્સી સ્ટાન્ડર્ડ્ઝ, એનર્જી ઓડિટ અને વિવિધ ગાઇડલાઇન્સ પણ તૈયાર કરી છે. આ ઉપરાંત અન્ય કાર્યક્રમોમાં ભારત સરકારે વર્ષ ૨૦૧૧ના પ્રથમ છ માસમાં જ પસંદ કરેલા ૯ સેક્ટરમાં ઊર્જા દક્ષતા લાવવા માટે ટારગેટ નિર્ધારિત કર્યા છે.

પસંદ કરેલા ઔદ્યોગિક સેક્ટર્સમાં થર્મલ પાવર

પ્લાન્ટ્સ, સીમેન્ટ, એલ્યુમિનમ, આયર્ન અને સ્ટીલ, પલ્પ અને પેપર, ફર્ટિલાઇઝર, ટેક્સ્ટાઇલ અને રેલ્વેઝ સામેલ છે.

પ્રસ્તાવિત માર્કેટ બેઝ્ડ મિકેનિઝમમાં ઊર્જા બચત માટેના સર્ટિફિકેટ આપી ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવાનું આ પ્રથમ પગલું છે.

ભારતના નવા પ્રસ્તાવમાં પરફોર્મ, એચિવ અને ટ્રેડ (પીએટી) દ્વારા ૭૦૦થી વધુ ઔદ્યોગિક ફેસિલિટીઝ પસંદ કરેલા સેક્ટરને આપવામાં આવશે જેઓ ઊર્જા બચાવવા માટેના ટારગેટ નિર્ધારિત કરશે. પોતાના ટારગેટ પૂર્ણ કરી તેઓ એ દરેકને પણ ઊર્જા બચતની એનર્જી સેવિંગ ક્રેડિટ આપી શકશે જેઓ ઊર્જા બચત કરી શકતા નથી.

પ્રસ્તાવિત યોજના દ્વારા મહત્તમ ઊર્જા બચત કરી શકાશે જે રાષ્ટ્રહિતમાં છે. નિર્ધારિત કરેલા ટારગેટ્સ કુલ ૯ સેક્ટરના સેક્ટરવાઇઝ અને યુનિટ લેવલે ૨૦૧૧ સુધીમાં સ્થાપિત થઇ જશે. સ્થાપના થયા પછી ચોક્કસ ટારગેટ એચિવ કરવાનો સમય દિવસથી ત્રણ વર્ષનો હશે. થોડા જ સમયમાં ડેઝિગનેટેડ કન્ઝ્યુમર્સ ઊર્જાબચત કરે છે તે માટેનું મોનિટરિંગ મિકેનિઝમ પણ તૈયાર થઇ જશે. ■

# તમારા શબ્દકોશમાંથી 'અશક્ય' શબ્દ ડીલીટ કરી નાખજો

તમે જે કહો છો તેની ઉપર ધ્યાન આપતાં રહો. તમને એ ખબર પડશે કે તમે હું નહીં કરી શકું અથવા આ રીતે નહીં થઇ શકે જેવા શબ્દો કેટલી બધી વાર બોલો છો તો તમને નવાઇ લાગશે. તમે આવું બોલીને કે વિચારીને આવનારી સારી તકોને સીમિત કરી દો છો.

આપણું મગજ આશ્ચર્યજનક પરિણામો લાવવા માટેની ક્ષમતા ધરાવતું હોય છે. જોકે, અનેક વાર ઉપર જણાવ્યા પ્રમાણેના શબ્દો વાપરીને કે વિચારીને માનસિક શક્તિઓની સામે અવરોધ મૂકી દેતાં હોઇએ છીએ.

આપણે જાણીએ છીએ કે આપણી માનસિક શક્તિ આપણને અશક્ય વસ્તુઓ કરાવી શકે છે પરંતુ તેને માટે મગજ કેવી રીતે કામ કરે છે તે જાણવું ખૂબ જરૂરી છે. આવશ્યક એ છે કે મગજનું પ્રોગ્રામિંગ કેવી રીતે થયું છે. તેને કેવા ઇનપુટ્સ મળે છે. જ્યારે મગજ કહે કે વિચારે હું આ નહીં કરી શકું એટલે એવા કમાન્ડ્ઝ ઇનપુટ થાય છે જે અશક્ય વસ્તુ તમારી એટિટ્યુડમાં લઇ આવે છે. આ જ થીયરી અન્ય નેગેટિવ શબ્દો માટે પણ કાર્ય કરે છે.

વિશ્વભરની તકો તરફના દરવાજા બંધ કરી દેવા એ શાણપણ નથી. તમે તમને પોતાને ચાન્સ આપો. એકવાર પ્રયત્ન કરી જુઓ તમારું મન, મગજ, શરીર બધું એકસાથે તમારા કાર્યમાં તમને સપોર્ટ કરશે.

> **તમારા મનના કેમેરામાં સારા વિચારોના રોલને લોડ કરો, હાર્ડ વર્કનું બટન દબાવો અને સફળતાનો ફોટો તમારી સામે હશે**

દાખલા તરીકે જો તમે હું આ નહીં કરી શકું એવું કહેવાનું બંધ કરશો તો તમને નવો શબ્દ મળશે કે હું તે કેવી રીતે કરી શકીશ. તમે તમારા મગજને આડકતરી રીતે પૂછો છો કે આ કેવી રીતે કરાય? તમારું મગજ એ કાર્ય કેવી રીતે કરાય તેની ઉપર સર્ચ આપશે અને તેનું સોલ્યુશન તમને મળી જ જશે.

અહીં કેટલાક સામાન્ય દાખલા છે જેના દ્વારા તમે તમારા મગજને એડવેન્ચરસ કાર્ય કરવા કે આજ સુધી ન કરેલા કાર્ય તરફ દોરી જશો.

જૂનો શબ્દઃ હું આ નહીં કરી શકું.

નવો શબ્દઃ આ હું કેવી રીતે કરી શકીશ?

જૂનો શબ્દઃ હું .... બની નહીં શકું.

નવો શબ્દઃ એ બનવા માટે શું કરવું પડશે?

જૂનો ફ્રેઝઃ હું એક અઠવાડિયામાં ૧૦ સેલ્સ ટાર્ગેટ પૂરો નહીં કરી શકું.

નવો ફ્રેઝઃ હું એક અઠવાડિયામાં ૧૦ કે તેથી વધુ સેલ્સ ટાર્ગેટ કેવી રીતે પૂરા કરી શકીશ?

જૂનો ફ્રેઝઃ નવી સારી કાર મને પોસાય નહીં.

નવો ફ્રેઝઃ નવી સારી કાર લેવા મારે શું કરવું પડશે?

જૂનો ફ્રેઝઃ હું ઘેર રહીને બિઝનેસ નહીં કરી શકું.

નવો ફ્રેઝઃ ઘેર રહીને બિઝનેસ કરવા મારે શું કરવું પડશે?

આ રીતની સકારાત્મક વાતની અસર તમારી એટિટ્યુડ પર પડે છે અને તે રીતે તમે કાર્ય કરવા દોરાવ છો.

આ પ્રકારના સંભવિત સોલ્યુશન્સ તમારા મગજમાં અચાનક આવશે. આવા સોલ્યુશન આવતાં જ તમે ઊંઘમાંથી ઉઠી જશો કે તમને અચાનક ખુશીનું ઝનૂન ચઢશે અને નાચવા લાગશો, આમ તમારું કાર્ય એટલું સહેલાઇથી પતશે જેની તમે કલ્પના પણ ન કરી હોય. આટલું થતાં જ તમને પોઝિટીવ થિંકિંગના પરિણામો મળવા લાગશે.

તમને એ વાતનો અહેસાસ થશે કે તમારું મગજ સર્જનાત્મકતાની અઢળક શક્તિ લઇને બેઠું છે, તેને જરૂર છે તો માત્ર ઢંઢોળવાની.

તમે વર્ષોથી આળસુની જેમ વિચારતા બેઠા રહ્યા, દિવસો બગાડો છો હજુ પણ વિચારવામાં જ કે આ મારાથી નહીં થઇ શકે. હવે સમય નથી, જલદી ઉઠો, વિચારો, કંઇક જુદું, સર્જનાત્મક સારું વિચારો અને કામ શરૂ કરો. આ સર્જનાત્મક અને કંઇક જુદુંમાં અટવાતા નહીં. તમે જે કરશો તે સર્જનાત્મક અને કંઇક જુદું જ હશે. ખાતરી સાથે કહું છું.

તમારા મનના કેમેરામાં સારા વિચારોના રોલને લોડ કરો, હાર્ડ વર્કનું બટન દબાવો અને સફળતાનો ફોટો તમારી સામે હશે. ■

# આશાવાદી થાવ અને બ્લડ સુગર ઘટાડો

જ્યારે ઉનાળામાં સામાન્ય દિવસ ઊગે ત્યારે તો બરાબર પણ કોઇ સવારે કારમાં પંક્ચર પડ્યું હોય કે તમારો મોબાઇલ મળતો ન હોય તો તમારું બ્લડ સુગર વધી જવાની ૧૦૦ ટકા શક્યતા છે.

જો આવા અચાનક આવતા અવરોધોનો સકારાત્મકતાથી અને આશાવાદી થઇને સામનો કરવાનું લક્ષણ તમારામાં હોય તો તમે સારું કામ કરો છો. રીસર્ચ કરનારાઓ પણ કહે છે કે શારીરિક અને માનસિક સ્થિતિસ્થાપકતા જીવનમાં મહત્ત્વની છે અને જો તેનું ધ્યાન રાખવામાં ન આવે તો તે શરીર અને મન પર અસર કરે છે. તેઓનું એવું પણ કહેવું છે કે આ પ્રકારની સ્થિતિસ્થાપકતા કેળવે તો વ્યક્તિને તેના ડાયાબિટીસ લેવલ ઘટાડવામાં પણ મદદરૂપ થાય છે.

હાલમાં કેટલાક લોકો પર એવું સંશોધન થયું હતું. ટાઇપ - ૨ ડાયાબિટીસના દર્દીઓને સ્થિતિસ્થાપકતાના એક મહિનાના ક્લાસીસ કરવાનું કહ્યું હતું. તેમને પોતાને જ તેમના કોલેસ્ટરોલ લેવલ, બ્લડ પ્રેશર અને બ્લડ સુગર લેવલમાં ફેર જણાયો હતો. તેમનું સ્ટ્રેસ લેવલ એકદમ ઓછું હતું.

તમને કદાચ આવી ટ્રેનિંગ કરવાની ન મળે પરંતુ તેમના વિશે જાણવાનું અવશ્ય મળશે. તેમાંના કેટલાક સ્થિતિસ્થાપકતાના મુખ્ય લક્ષણો વિશે કહીએ તોઃ

૧. કોઇપણ પડકારને તક સમજો ચિંતા નહીં
૨. નિર્ણય લેવા અને એક્શન કરવા માટે એક ખાસ વેલ્યુ સિસ્ટમ બનાવો
૩. અન્યના જીવનમાં પણ પોતાનો ફાળો છે તે જાણો.
૪. સ્થિતિ કોઇ પણ હોય તેને સ્વીકારવાની હિંમત રાખો.

આ માટે તમારે કોઇ ટ્રેનિંગ કરવાની જરૂર નથી અને કોઇ મોટું ગ્રંથ જેવું પુસ્તક વાંચવાની પણ જરૂર નથી. બસ નીચે આપેલા બે સ્ટેપ્સ કરો તમે સ્થિતિને કાબુમાં લઇ જ શકશો.

સ્ટેપ - ૧ઃ સકારાત્મક એટિટ્યુડ કેળવોઃ સ્થિતિસ્થાપક વ્યક્તિ આશાવાદી હોય છે. તેઓ પોતાના જીવનમાં આવતા પડકારોને પોતાની સકારાત્મક એટિટ્યુડથી પોતાની શક્તિ બનાવે છે. સૌથી સુંદર દાખલો એ વ્યક્તિનો છે જેને ડાયાબિટીસ છે. તેને કોઇ અવરોધ ન સમજો. એમ માનો કે જ્યારે તમને ખબર પડી કે તમને ડાયાબિટીસ છે તો તમે તમારી જીવન જીવવાની સ્ટાઇલ જ બદલી નાખી. જેઓએ પોતાના ડાયાબિટીસને સ્વસ્થતાથી અને ખુશ થઇને સ્વીકારી લીધું છે તેમના ડાયાબિટીસ, બ્લડ પ્રેશર લેવલમાં જરૂર ફેર આવ્યો જણાયો છે. તેઓએ તેમની જીવનશૈલી બદલી છે, તેઓ યોગ્ય ભોજન લે છે, યોગ્ય સમયે યોગ્ય કસરત કરે છે અને પોતાના શરીર અને મનને કંટ્રોલમાં રાખે છે.

સ્ટેપ - ૨ઃ સેન્સ ઓફ હ્યુમરને કેળવોઃ હાસ્ય એ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે સારું છે. ઘણામાં સેન્સ ઓફ હ્યુમર તો હોતું નથી પરંતુ સાથે કોઇ જોક કેક કરે તો ખુલીને હસતાં પણ નથી. જ્યારે તમે શારીરિક રીતે એક્ટિવ હો ત્યારે તમારા કોષો બ્લડ સુગરને શોષે છે. કેટલાક હોર્મોન્સ પણ બ્લડ સુગરને એબસોર્બ કરવામાં મદદ કરે છે. હસવાનો એક બીજો ફાયદો પણ છે. દિવસ દરમિયાન સારા નરસા પ્રસંગોને સકારાત્મક રીતે લેવામાં તે મદદ કરે છે. હસવાથી ડર, દુઃખ ભાગી જાય છે અને તમારા શરીર અને મનને તે રીલેક્સ કરે છે. કોઇ સારી વાત કે તકલીફ તરફ જોવાનો તમારો અભિગમ બદલે છે. તમારી નકારાત્મક લાગણીને દૂર કરે છે.

જો કાલે તમારા બોસ, બાળક, પત્ની કે પતિ, મા કે સહકાર્યકર તમારા પર કોઇ કોમેન્ટ પાસ કરે તો તેને હસી કાઢજો. પછી જોજો ગુસ્સાનું સ્થાન તો તમારા હાસ્યએ લઇ લીધું હશે અને હવે ડાયાબિટીસની તો જગ્યા બચી જ નહીં હોય. ■

# વિવિધ પ્રકારની એનર્જી વિશે

**ઊર્જા અનેક પ્રકારની હોય છે. કાઇનેટિક અને પૉટેન્શિયલ એનર્જી મુખ્ય છે. આજે આપણે તેના વધુ પ્રકારો વિશે જાણીશું. રોજબરોજની વસ્તુઓ, રમકડાં કે ક્રિયા દ્વારા પણ આપણે જાણી શકીએ કે ઊર્જા કઇ અને ક્યાં વપરાય છે**

આપણે એનર્જી વિશ ઘણું જાણ્યું પરંતુ હવે એ જાણીએ કે એનર્જી એટલે શું? એનર્જી બે પ્રકારની હોય છેઃ કાઇનેટિક એનર્જી અને પૉટેન્શિયલ એનર્જી.

કાઇનેટિક એનર્જી એટલે જે એનર્જી મોશનમાં હોય એટલે કે જે સતત ચાલતી હોય.

પૉટેન્શિયલ એનર્જી એટલે જે એનર્જી વસ્તુમાં સ્ટોર કરેલી હોય.

કાઇનેટિક એનર્જીમાં ફેંકેલો બોલ, ચાલતું વાહન, વૉટર ફૉલ કે પછી ઉછળીને પડતો પત્થર સામેલ છે.

પૉટેન્શિયલ એનર્જી એટલે જે વસ્તુ તેનામાં એવી શક્તિ ધરાવે છે જેના દ્વારા ઊર્જા ઉત્પન્ન કરી શકે છે. પૉટેન્શિયલ એનર્જીમાં ગુરુત્વાકર્ષણની પૉટેન્શિયલ એનર્જી, ઇલાસ્ટિક પૉટેન્શિયલ એનર્જી, કેમિકલ પૉટેન્શિયલ એનર્જી અને ઇલેક્ટ્રિકલ પૉટેન્શિયલ એનર્જી સામેલ છે.

પૉટેન્શિયલ એનર્જી એટલે જેમાં ઊર્જા સ્ટોર થયેલી હોય. આ એનર્જી વસ્તુમાં છુપાયેલી હોય છે. તેને ચોક્કસ રીતે વાપરવાથી આ એનર્જી દેખાય છે.

ગુરુત્વાકર્ષણની પૉટેન્શિયલ એનર્જી

જ્યારે કોઇ વસ્તુ ઉંચકીએ કે હવામાં ફેંકીએ ત્યારે તે વસ્તુમાં ગુરુત્વાકર્ષણની એનર્જીથી તે વજનદાર લાગે અથવા ફેંકેલી વસ્તુ પાછી નીચે આવે.

એક રસપ્રદ વાત એ છે કે જ્યારે સફરજન ઝાડ પર લટકે છે ત્યારે તેનામાં પૉટેન્શિયલ એનર્જી હોય છે અને તે જ્યારે ગુરુત્વાકર્ષણના બળથી જમીન પર પડે છે તે ક્રિયા દરમિયાન કાઇનેટિક એનર્જી ઉત્પન્ન થાય છે એવું કહેવાય.

## થર્મલ એનર્જી

જ્યારે કોઇ ગરમ વસ્તુને હાથ અડાડો ત્યારે તેમાં રહેલી થર્મલ એનર્જીને હાથ લગાડો છો. દરેક વસ્તુમાં થર્મલ એનર્જી રહેલી હોય છે (ઠંડી વસ્તુમાં પણ) તેમાં તાપમાન ઝીરો હોય છે. કોઇ પણ વસ્તુના તાપમાનને માપવાથી તેમાં થર્મલ એનર્જી છે કે નહીં તે ખબર પડે છે.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે કોઇપણ ગરમ વસ્તુમાં થર્મલ એનર્જી હોય છે પરંતુ તે ખોટું છે.

આપણી આસપાસ એનર્જી છે તે કઇ રીતે જાણી શકાય?

નીચેની વસ્તુઓ જુઓ તેમાંથી કઇ એનર્જી મળે છે તે જાણો.

હલનચલન, અવાજ, થર્મલ એનર્જી અને લાઇટ એનર્જીમાંથી લાઇટને ઇલેક્ટ્રોમેક્નેટિક રેડિએશન થવાથી તેને કાઇનેટિક એનર્જી પણ કહેવાતું નથી કે પોટેન્શિયલ પણ નથી. બાકીની એનર્જીમાં બંને પ્રકારની એનર્જી સ્થિત છે.

અવાજની એનર્જીમાં વાયબ્રેશન્સ છે. જેમાં કાઇનેટિક અને પૉટેન્શિયલ બંને એનર્જી હોય તેને મિકેનિકલ એનર્જી કહે છે. દાખલા તરીકે ઘડિયાળના લોલકમાં કાઇનેટિક એનર્જી છે કારણ કે તે સતત ચાલતું રહે છે અને પૉટેન્શિયલ એનર્જી છે કારણ કે તે ગુરુત્વાકર્ષણ બળને લીધે નીચેની તરફ જ રહે છે.

### ઈલાસ્ટિક પોટેન્શિયલ એનર્જી

ખેંચાયેલું રબર બેન્ડ હોય તો તેમાં કોઈ કાર્ય કરવાની કે કોઈ વસ્તુને બદલવાની શક્તિ હોય છે તે પોટેન્શિયલ એનર્જી છે. જ્યારે કોઈ રમકડાના એરોપ્લેનને રબર બેન્ડની મદદથી સ્પિન કરીને ઉડાવવામાં આવે ત્યારે ઈલાસ્ટિક પોટેન્શિયલ એનર્જી ઉત્પન્ન થાય છે એવું કહેવાય. રબર બેન્ડમાં પોતાની શક્તિ રહેલી હોય છે તેને આ રીતે કાર્ય કરાવીએ ત્યારે કાઈનેટિક એનર્જી ઉત્પન્ન થાય.

### કેમિકલ પોટેન્શિયલ એનર્જી

રમકડાંનું તો નહીં પરંતુ સાચું એરોપ્લેન ચલાવવું હોય તો લાખો કરોડો રબર બેન્ડની જરૂર પડે. પરંતુ સાચા એરોપ્લેનમાં ગેસોલિન વપરાય છે. ગેસોલિનને ખેંચવું નથી પડતું તેને બાળવામાં આવે છે. ગેસોલિન બળવાથી કેમિકલ પોટેન્શિયલ એનર્જી ઉત્પન્ન થાય છે.

દરેક સજીવ અને નિર્જીવ વસ્તુઓ પરમાણુથી

બનેલ હોય છે. આ પરમાણુને પકડી રાખવા માટે આ એનર્જીનો ઉપયોગ થાય છે. આ પરમાણુમાં રહેલી એનર્જીને કેમિકલ પોટેન્શિયલ એનર્જી કહે છે. જ્યારે કોઈ પણ વસ્તુ બળે છે ત્યારે તેમાંથી અન્ય વસ્તુ બને છે. એ જ રીતે ગેસોલિન બળે છે ત્યારે તેમાંથી પાણી અને કાર્બન ડાયોકસાઈડ નીકળે છે અને ઊર્જા ઉત્પન્ન કરે છે.

કેમિકલ પોટેન્શિયલ એનર્જી આપણા શરીરના કોષોમાં હોય છે અને ફટાકડામાં હોય છે.

### ઈલેક્ટ્રોમેગ્નેટિક પોટેન્શિયલ એનર્જી

જ્યારે કોઈ બેટરીથી ચાલતી વસ્તુ ચલાવીએ ત્યારે બેટરીમાં સ્ટોર કરેલી એનર્જી અવાજરૂપે, હલનચલનરૂપે, થર્મલ એનર્જીના રૂપે અથવા લાઈટરૂપે બહાર આવે છે.

અવાજ કરતા, લાઈટ કરતા, હલનચલન કરતા રમતડામાં આ પ્રકારની એનર્જી વપરાય છે. ■

## પાવર ક્વિઝ

**ઈલેક્ટ્રિસિટી ક્વિઝ**

નીચે આપેલા સવાલોના સાચા જવાબો સાથે આપેલા વિકલ્પોમાંથી શોધો.

૧. એક જ ચાર્જવાળા બે ભાગ એકબીજાની સામે આવે તો એકબીજાથી દૂર થાય છે.

એ. સાચો

બી. ખોટો

૨. વિરુદ્ધ ચાર્જવાળા બે ભાગ એકબીજાની સામે આવે તો એકબીજાને આકર્ષે છે.

એ. સાચો

બી. ખોટો

૩. જે વસ્તુ ઈલેક્ટ્રિસિટીનું સહેલાઈથી વહન કરી શકે જેમ કે તાંબુ, તેને શું કહેવાય છે?

એ. ઈન્સ્યુલેટર

બી. સેમીકંડક્ટર

સી. કંડક્ટર

૪. એવી કઈ વસ્તુ છે જે ઈલેક્ટ્રિસિટીને પોતાનામાંથી પસાર થવા દેતી નથી?

એ. ઈન્સ્યુલેટર્સ

બી. કંડક્ટર્સ

સી. સેમીકંડક્ટર્સ

૫. કેટલાક સંજોગોમાં ઈલેક્ટ્રિસિટી પસાર કરનારી વસ્તુને શું કહે છે?

એ. ઈન્સ્યુલેટર્સ

બી. કંડક્ટર્સ

સી. સેમીકંડક્ટર્સ

૬. નીચેની એ સ્થિતિ છે જેમાં ચાર્જિસનો અભ્યાસ થાય છે અથવા ચાર્જ થયેલી વસ્તુઓ કરંટને પસાર કરતી નથી.

એ. ઈલેક્ટ્રોસ્ટેટિક્સ

બી. ઈલેક્ટ્રોડાયનેમિક્સ

સી. ગ્રેવિટી

જવાબ : (૧) એ. (૨) એ. (૩) સી. (૪) એ. (૫) સી. (૬) એ.

## આવો સાથે મળી ઊર્જા બચાવીએ ધરતીને બચાવીએ
## આવનારી પેઢીને પ્રકાશમય બનાવીએ

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

UGVCL

## આપણું યુજીવીસીએલ

આ અંક આપને કેવો લાગ્યો?
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર કે આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)ને મોકલી શકો છો.

cs@ugvcl.com
kinjalsathwara@ugvcl.com
sanaik_41262@yahoo.co.in